# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/**૦૯ /ક્વા-૪ /૧૯-૨૦/૧૦૭૯-૯** **તા. ૨૦.૦૨.૨૦૨૦**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ ના ચેરપર્સન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- **૦૯ /ક્વા-૪ /૧૯-૨૦**

અરજદાર: મોટુમલ હાસારામ રીઝવાણી -ગામ -જુનાગઢ - સબડીવીઝન : તાલાલા
રજૂઆત કરનાર: શ્રી મોટુમલ હાસારામ રીઝવાણી તથા વિરભાણ ભાઈ એન. આહુજા હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી -વેરાવળ
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી પી.જી. જોશી અને સુપ્રી. એકાઉન્ટ શ્રી આર.કે. મોરી
પીજીવીસીએલ વિભાગીય કચેરી - વેરાવળ

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: ૧૩-૦૨-૨૦૨૦ (ગુરુવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૩-૦૨-૨૦૨૦ (ગુરુવાર) ના રોજ રાખવામાં આવેલ હતી.. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

**૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,** - અરજદાર મેંદરડા તાલુકાના ભાલછેલ ગામના સર્વે નંબરઃ ૬ – જુના સર્વે નંબરઃ ૧૭/૨ પૈકી ૨ ની માલીકી ના છે. જેમા મોટુમલ હાસારામ રીઝવાણી તથા ઈશ્વરલાલ હાસારામ રીઝવાણી અને તારાચંદ દોલતરામ ચોયથાણી એમ ત્રણેયના સંયુકત નામથી ખરીદ કરેલ છે. આ માલિકીની જમીનમાં નવું મીટર મેળવવા અંગેનું સંમતી પત્રક નામ જોગ તારીખ : ૨૦–૧૧–૨૦૧૯ ના રોજ કરી આપેલ છે. અને ભાલછેલ ગ્રામપંચાયતે પણ આ પ્લોટોમાં વિજ કનેકશન માટે એન.ઓ.સી. પણ આપેલ છે. માલિકીના તમામ પુરાવા – આધારો તથા ફોર્મ–(એ–૧) જરૂરી કાગળો નાયબ ઈજનેરશ્રી પાસે તા.૨૨–૧૧–૨૦૧૯ ના રોજ રજૂ કરી ટેમ્પરરી વિજ કનેકશનની માંગણી કરતાં, નાયબ ઈજનેરશ્રીએ તા.૧૧–૧૨–૨૦૧૯ ના પત્ર નંબર–ટીએલએલ/કોમ/૩૯૦૪ થી અમારી અરજી નામંજુર કરેલ છે. તેનું કારણ કોઈએ વાંધા અરજી આપેલ છે અને જૂનાગઢ નામદાર કોર્ટમાં દિવાની કેસ નંબર–૬૬/૧૯ દાખલ કરેલ છે. જેથી આપને ટેમ્પરરી વિજ કનેકશન આપી શકાય નહિં તે હુકમથી નારાજ થઈ આપ સાહેબશ્રી સમક્ષ આ ફરિયાદ દાખલ કરીએ છીએ. જૂનાગઢ જિલ્લાની ફરિયાદ સાંભળવા આપ સાહેબશ્રીને હકુમત અને અધિકાર છે.

**૨.૧ અરજદારશ્રી** એ નાયબ ઈજનેર સાહેબશ્રી તાલાળા સામે સુપ્રિટેન્ડન્ટ ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ. જૂનાગઢ સર્કલ, આઝાદ ચોક ના શ્રી માવાણી સાહેબને આ અંગે તા.૧૭–૧૨–૨૦૧૯ ના અપીલ અરજ કરેલ હતી. શ્રી માવાણી સાહેબે અમોને યોગ્ય રીતે સાંભળી ડેપ્યુટી ઈજનેરશ્રી તાલાળા પાસેથી હકીકત જાણેલ, તે અનુસંધાને તેઓએ મૌખિક રીતે જણાવેલ કે, આ અંગે ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ માં અરજી કરો. જેથી આપ નામદાર સમક્ષ હાલની ફરિયાદ દાખલ કરીએ છીએ.

**૨.૨** તાલાળાના ઈજનેરશ્રીનો હુકમ તદ્દન ગેરકાયદેસર છે. જે પાર્ટીએ શ્રી રાજાભાઈ ગીગાભાઈ વેકરીયા, એ સ્પે. દિવાની કેસ નં.૬૬/૧૯ દાખલ કરેલ છે. તેમાં પી.જી.વી.સી.એલ. પક્ષકાર નથી. આ દાવો અમારી જમીનનો થયેલ દસ્તાવેજ રદ્દ કરવાનો અને વિજ્ઞાપનનો દાવો છે. જેમાં કોઈ મનાઈ હુકમ મળેલ નથી અને તદ્દન ખોટો દાવો છે, શ્રી રાજાભાઈ ગીગાભાઈ વેકરીયા એ આ જમીન તા.૧૬–૫–૨૦૧૬ના રોજથી શ્રી શ્યામભાઈ વિનોદભાઈ પાટડીયા ને રજીસ્ટર દસ્તાવેજ નંબર–૪૦૨, થી વેચાણ આપેલ. આ જમીન અમો ફરિયાદીઓએ શુઘ્ધ–બુધ્ધિથી બોનાફાઈડ પરચેજર તરીકે ખરીદ કરેલ છે. શ્રી રાજાભાઈ ગીગાભાઈ વેકરીયા ને જો કોઈ વાંધો હોય તો તે શ્યામ વિનોદભાઈ પાટડીયા સાથે હોય, અમારી સામે કોઈ વિવાદ નથી. અને રાજાભાઈ ગીગાભાઈ વેકરીયા ને આ જમીનના માલિકી અંગેના કોઈ પણ આધાર પુરાવા કે રેવન્યુ રેકર્ડ નથી. છતાં પણ અમોને ખોટી રીતે વિજ કનેકશન આપવા ઈન્કાર કરેલ છે

**૨.૩** આ જમીનમાં રહેલ પ્લોટોમાં ડેવલોપ કરવા જમીનમાં બોર પણ કરાવેલ છે. તેમજ કમ્પાઉન્ડ વોલ કરી ડેવલોપ કરવા માટે પાણી તેમજ લાઈટની જરૂર હોવાથી, વિજ કનેકશન મેળવવાની ખુબજ જરૂરિયાત છે. વિજ કનેકશન ન મળવાથી અમો આ પ્લોટોમાં કોઈ વિકાસ કરી શકીશું નહી. તેવા સંજોગોમાં નાયબ ઈજેનરશ્રીનો આવો હુકમ ગેરકાયદેસર છે. કોઈ વ્યકિત ખોટી અર્થ વિનાની અરજી કે વાંધા રજુ કરે તેથી કનેકશન ન આપવાનું કૃત્ય તદ્દન ગેરકાયદેસર અને ન્યાયના કુદરતી સિધ્ધાંત વિરૂધ્ધનું છે. અને વિજ કંપનીને પણ આવકની નુકશાન થાય છે. કનેકશન આપવાથી વાંધો લેનારને કોઈ અન્યાય થાય તેવું નથી. કારણ કે તેનો

દાવો ફકત ડીકલેરીટી દાવો છે. વાંધો લેનારે પોતાની જમીન તા.૧૬–૫–૨૦૧૬ ના રોજ શ્યામ વિનોદરાય પાટડીયા ને વેંચી નાખેલ છે. આ ત્રાહિત વ્યકિત પાસેથી અમોએ આ જમીન ખરીદેલ છે. રેવન્યુ રેકર્ડ ઉપર પણ જમીન અમારા નામે છે. વાંધો લેનારનો કોઈ પણ ટાઈટલ કે રેવન્યુ રેકર્ડ કે દસ્તાવેજી પુરાવો નથી. જો હોય તો તેવા કાગળો પણ રજુ કરેલ નથી, ફકત દાવો કરેલ છે અને અમોને ખોટી રીતે પક્ષકાર તરીકે જોડેલ છે. જે તમામ હકીકત અમોએ નાયબ ઈજનેરશ્રી તથા સુપ્રિટેન્ડન્ટ સાહેબશ્રીને રજુઆત કરેલ અને તમામ માલિકી દસ્તાવેજો રજુ કરેલા, છતાં પણ તદ્દન ખોટી રીતે અમારી વિજ કનેકશન મેળવવાની અરજી રદ્દ કરી સેવામાં ખામી દાખવેલ છે. તેવા સંજોગોમાં નાયબ ઈજનેરશ્રી, તાલાળા નો હુકમ રદ્દ થવા પાત્ર છે. અને **અરજદારશ્રી**ને વિજ કનેકશન મળવા પાત્ર છે.

સ્વભાવિક રીતે દાવાના નિકાલનો લાંબો સમય અને ઉપલી કોર્ટમાં અપીલ પણ થાય, જેમાં વર્ષો વિતિ જાય. દરમ્યાનમાં અમોને વિજ કનેકશન ન મળે તો અમારો વિકાસ રૂંધાઈ જાય અને અમોને પારાવાર નુકશન જાય તેમ છે. જયારે વાદવાળા દાવામાં પી.જી.વી.સી.એલ. પક્ષકાર નથી. આ દાવામાં કોઈ મનાઈ હુકમ આપવામાં આવેલ નથી. ત્યારે આમાં વિજ કનેકશન ન આપવાનો હુકમ અયોગ્ય, ગેરકાયદેસર અને ન્યાયના કુદરતી સિધ્ધાંત વિરૂધ્ધનો છે.

**૨.૪ અરજદારશ્રી એ નીચે મુજબ હુકમ કરવા વિનંતી કરેલ છે:-**

(એ) સામાવાળા નાયબ ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ. તાલાળા એ અમારી વિજ કનેકશન મેળવવાની અરજી રદ્દ કરેલ છે તે હુકમ રદ્દ કરી અમોને અમારી માંગણી મુજબ વિજ કનેકશન આપવામાં આવે તેવો હુકમ ફરમાવવા અરજ છે.

(બી) આ અરજી સાંભળવા આપ નામદાર સાહેબને હકુમત છે. જેનો કોઈ મુદતનો બાધ નથી. આ સાથે તમામ દસ્તાવજો, પુરાવાઓ ડેપ્યુટી ઈજનેર સાહેબશ્રીનો હુકમ રજુ રાખેલ છે. **અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

**3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે-. અરજદારશ્રી દ્વારા તા. 11.12.2019 ના રોજ તાલાલા પે.વિ. કચેરીમાં નવા હંગામી વિજજોડાણ માટે સંપર્ક કરવામાં આવેલ હતો.અરજદારે ભાલછેલ ગામના જે સર્વે નં. ૬ માં વિજજોડાણની માંગણી કરેલ છે તે સ્થળ પર કાયદાકીય વિવાદ હોવા બાબતેની વકીલ શ્રી પી.ડી.ગઢવી દ્વારા વીભાગીય કચેરીને નોટીસ પાઠવવામાં આવેલ હતી તે ફોરમ સમક્ષ રજુ કરેલ છે.**

**3.૧ ઉપરોક્ત નોટીસ અન્વયે સર્વે નં. 6 ની જમીનનો કાયદાકીય વિવાદ નામદાર પ્રિન્સિપલ સિવિલ જજ સાહેબની અદાલત જુનાગઢ માં પેન્ડિંગ હોય તેવા દસ્તાવેજો રજુ થયેલા છે જેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે. આ ઉપરાંત પણ ભાલછેલ ગ્રામ પંચાયત દ્વારા તેમના પત્ર તા. 20.11.2019 માં સદર જમીન વિવાદિત હોય કોઈપણ બાંધકામ કરવાની મંજૂરી આપેલ નથી તેવું જણાય છે જેની નકલ . ફોરમ સમક્ષ રજુ કરેલ છે**

૩.૨ આમ અરજદાર જે જમીન પર હંગામી વિજજોડાણ માંગે છે તે જમીન કાયદાકીય વિવાદ હોય- નાયબ ઈજનેરશ્રી- તાલાલા દ્વારા તા. 11.12.2019 ના પત્ર દ્વારા સદર સ્થળ પર વિજજોડાણ આપી શકાય નહીં તેવી જાણ બાબતેનો પત્ર તા.૧૧.૧૨.૨૦૧૯ થી અરજદારને આપવામાં આવેલ હતો.

આમ સદર વિજજોડાણ જો પીજીવીસીએલ દ્વારા આપવામાં આવે તો ભવિષ્યમાં કાયદાકીય ગુંચવણ ઊભી થયે પીજીવીસીએલ ને પક્ષકાર તરીકે જોડાવાથી કંપનીનો મેનપાવર અને આર્થિક બાબતે પણ નુકશાન થાય શકે તેમ છે તેથી અરજદારને હંગામી વિજજોડાણ આપવામાં આવેલ નથી.

## :: હુકમ ::

૪.૦ સુનાવણી સમયે ફરિયાદી અરજદાર તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાને આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબના તારણ પર આવી શકાય.

૪.૧ ગામ ભાલછેલ તાલુકો મેંદરડા ના બીન ખેતી સરવે નંબર 17 પૈકી રપૈકી ર ના રી.સરવે નંબર ૦-૯૮-૩૬ હે.ચો.મિ. જમીન જિલ્લા વિકાસ અધિકારીશ્રી જૂનાગઢના હુકમ નંબર લેન્ડ /૧ /એન.એ./૨૧૫/૨૦૧૧-૧૨ થી રહેઠાણ ના હેતુ માટે બિનખેતી કરવામાં આવેલ છે. સવાલવાળી જમીન બિનખેતી થયા બાદ શ્રી રાજા ભાઈ ગીગાભાઈ વેકરીયા એ પ્લોટ નંબર 1 થી 26 ચો.મી. ૬૯૦૭.૮૭ ચોરસ મીટર તથા સાર્વજનિક પ્લોટ તથા આંતરિક રસ્તા મળી કુલ ૯૬૧૩ ચો.મી. ની જમીન રજીસ્ટર દસ્તાવેજ નંબર ૪૦૨ તારીખ ૧૬.૦૫.૨૦૧૬ થી રૂપિયા ૩૮૮૫૫૦૦/- પુરામાં શ્રી શ્યામભાઈ વિનોદભાઈ પાટડીયા ને વેચાણ કરતા જેની નોંધ નં.૧૫૭૧ તારીખ ૨૯/૦૭/૨૦૧૭ થી દાખલ થયેલ છે. સદર મિલકત અંગેની અવેજની રકમ નો ચેક શ્રી શ્યામભાઈ વિનોદભાઈ પાટડીયા દ્વારા આપેલ પરંતુ ખાતામાં પૂરતા નાણાં ન હોવાથી ચેક પરત થયેલ અને અવેજની રકમ મળેલ ન હોવાથી શ્રી રાજા ભાઈ ગીગાભાઈ વેકરીયા એ તા. ૦૭/૦૯/૨૦૧૭ થી મામલતદાર મેંદરડા ની કોર્ટમાં અરજી કરેલ છે. જે અન્વયે તા.૦૮/૦૨/૨૦૧૮ ના રોજ સદર કોર્ટ દ્વારા હુકમ કરેલ છે.

૪.૨ ત્યારબાદ ઉપરોક્ત જણાવેલ જમીન શ્રી શ્યામભાઈ વિનોદભાઈ પાટડીયા એ રજી. દ. અનુ. નં.૭૬૧ તા.૦૭.૧૧.૨૦૧૭ ના રોજથી સંયુક્ત નામે(૧)રામચંદભાઈ નિર્ભયદાસ આહુજા (૨) વિરભાણ નિર્ભયદાસ આહુજા (૩) મોટુમલ હાસારામ રીઝ્વાણી ને વેચાણ કરેલ છે.

૪.3 પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે શ્રી રાજા ભાઈ ગીગાભાઈ વેકરીયા ના વકીલ શ્રી પી.ડી.ગઢવી દ્વારા સામાવાળાની કચેરીને તા. ૧૦.૧૨.૨૦૧૯ થી નોટીસ પાઠવવામાં આવેલ હતી તે

મુજબ શ્રી રાજા ભાઈ ગીગાભાઈ વેકરીયા પાસેથી છેતરપીંડી કરી શ્રી શ્યામભાઈ વિનોદભાઈ પાટડીયા દ્વારા જમીન તેના નામે દસ્તાવેજ કરાવેલ છે જે બાબતે નામદાર પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબની અદાલત જૂનાગઢ ખાતે સ્પે. નંબર ૬૬/૧૯ કેસ રજીસ્ટર કરાવેલ છે જેથી મેંદરડા તાલુકા ના સર્વે નંબર 17 પૈકી ૨ પૈકીર ના સરવે નંબર ૬ માં મોટુમલ હાસારામ રીઝવાણી એ નામદાર કોર્ટમાં સદર જગ્યાનો વિવાદ બાબતે ચાલુ દાવા દરમિયાન ઈલેક્ટ્રીક કનેક્શન મળવા અરજી કરેલ છે તે મુજબ સ્પેશિયલ દીવાની મુકદમા નંબર ૬૬/૧૯ ના આખરી નિર્ણય સુધી કોઈ ઈલેક્ટ્રીક કનેક્શન નહીં આપવા આપવા એડવોકેટ શ્રી પી.ડી .ગઢવી દ્વારા કાર્યપાલક ઈજનેર શ્રી પીજીવીસીએલ વિભાગીય કચેરી -વેરાવળ ને નોટિસ આપેલ છે.

૪.૪ અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વાર રજુ કરેલ આધાર પુરાવા મુજબ ઉપરોક્ત પેરા નં. ૪.૩ અન્વયે **નામદાર પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબની અદાલત જૂનાગઢ ખાતે સ્પે. નંબર ૬૬/૧૯ થી કેઈસ હાલ પડતર હોય-** નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૯ નાં મુદા નં: ૨.૩૩–(૧) માં કરાયેલ જોગવાઈ મુજબ ''સદર પ્રકારના – એટલેકે સમાન ફરીયાદી અને પરવાનેદાર વચ્ચેની બાબત ને લગતી કાર્યવાહી, કોઈપણ કોર્ટ, ટ્રિબ્યુનલ, લવાદ કે અન્ય કોઈ તંત્ર સમક્ષ બાકી હોય તેવા કેસોમાં, અથવા આવી કોઈ કોર્ટ, ટ્રિબ્યુનલ, લવાદ કે અધિકારીએ હુકમનામુ, ચુકાદો કે આખરી હુકમ પસાર કરી દીધો હોય તેવા કેઈસો '' ના નિકાલની કામગીરી અત્રેના ફોરમ ના કાર્યક્ષેત્રમાં સમાવિષ્ટ થતુ નથી.

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૪ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે

૪.૬ **આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.**

| | |
|---|---|
| (કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |